# જાખ્ખી નામનો એક મુખ્ય જકાતદાર

## ફાધર વર્ગીસ પોલ, એસ.જે.

ચાર શુભસંદેશકારોમાં ફક્ત લૂક જ જાખ્ખી નામના મુખ્ત જકાતદારની રમણીય વાત આપણને કહે છે. જાખ્ખી એક ધનિક જકાતદાર હતો. કારણ, યરીખોમાં જકાતદારો માટે સારો ધંધો મળતો હતો. જાખ્ખી તો યરીખો જિલ્લાનો મુખ્ય જકાતદાર હતો.

પેલેસ્ટાઈનના બધા યહૂદીઓ જેમ જાખ્ખીએ પણ ઈસુ નામનો એક અસામાન્ય ગુરૂજી વિશે ઘણુંબધું સાંભળ્યુ હતું. એક દિવસ જાખ્ખીને સમાચાર મળ્યા કે એ અજોડ ગુરૂજી એમના યરીખો શહેરમાં થઈને જવાના છે. તેમને લાગ્યું કે ઈસુ અને તેમના શિષ્યો કદાચ યરુશાલેમ ખાતે યહૂદી તહેવાર માટે જતા હશે.

જાખ્ખી ઈસુને મળવા ખૂબ આતુર હતા. પણ તેમને મુખ્યત્વે ત્રણ પ્રશ્નો નડતા હતા. એક, તેઓ ઠિંગણા માણસ હતા. બે, લોકો એટલે જાખ્ખીના જાતભાઈઓ એને પરદેશી સત્તાની સેવામાં રોકાયેલા પાપી ગણતા હતા. અને ત્રણ, ઈસુ અને શિષ્યો યરીખો થઈ જતા હતા ત્યારે તેઓ મોટા ટોળાથી ઘેરાયેલા હતા. પણ જાખ્ખી તો ગમે તેમ ઈસુને મળવામાં મક્કમ હતા. એટલે તેઓ પોતાને માટે એક રસ્તો શોધી કાઢયો. ટોળાથી આગળ જઈને ઈસુ જતા હતા એ જ રસ્તે એક ઊમરાના ઝાડ ઉપર જાખ્ખી ચડી ગયા. ઝાડ પર ઈસુની રાહ જોઈને બેઠા હતા ત્યારે જાખ્ખીને ખબર નહોતી કે મોટો ચમત્કાર થવાનો છે ! જ્યારે ઈસુ અને ગિરદી પેલા ઊમરાના ઝાડ નીચે આવ્યાં ત્યારે ઈસુએ ઉપર જોયું અને જાખ્ખીને નીચે ઊતરી આવવાનું કહ્યું.

જાખ્ખી, ઝટ નીચે આવ, કારણ, આજે મારે તારા ઘરમાં ઉતારો કરવાનો છે (લૂક ૧૯, ૫).

જાખ્ખી કેટલા બધા ખુશખુશાલ થઈ ગયા હશે તે તમે કલ્પી શકો છો. જાખ્ખી તાબડતોબ નીચે ઊતર્યા અને ઈસુને ઉમળકાથી પોતાને ઘેર તેડી ગયા અને હરખભેર એમનો અને એમના શિષ્યોનો સત્કાર કર્યો.

પણ કેટલાક લોકો ખુશ નહોતા કે ઈસુ એક જકાતદારને ઘેર ગયા છે. એ લોકોને મન જકાતદારો તો જાહેર પાપીઓ જ હતા અને તેઓ ઈસુને ટીકાત્મક નજરે જોતા હતા. કારણ, જકાતદારો યહૂદીઓ તો હતા; છતાં તેઓ વિદેશી સત્તાની સેવામાં જકાત ઉઘરાવનાર યહૂદીઓના દ્રોહીઓ ગણાતા હતા. એટલે એ લોકો ઈસુ સામે અંદરોઅંદરો બબડતા હતા કે, "આણે તો પાપીને ત્યાં મુકામ કર્યો! (લૂક ૧૯, ૭).

લોકો પોતાના વિશે કે ઈસુ વિશે ગમે તે બોલે, પણ જાખ્ખીને એની પરવા નહોતી. પણ ઈસુની મુલાકાતથી જાખ્ખી એક નવા માણસ બન્યા હતા. જાખ્ખીના શબ્દો તથા એમના આચારવિચાર જાહેર કરતા હતા કે જાખ્ખી ઈસુ સાથેના મિલનથી ખૂબ દબાયેલા માણસ બન્યા છે. જ્યારે જાખ્ખીએ જાણ્યું કે ઈસુ પોતાના સારા મિત્ર બન્યા છે ત્યારે ખુબ જાખ્ખી જાણ્યેઅજાણ્યે બદલાઈ ગયે. એટલે લૂકે એની નોંધ લીધી છે. પણ જાખ્ખીએ ઊભા થઈને પ્રભુને

કહ્યું,પ્રભુ જુઓ, મારી મિલકતનો અડધો ભાગ હું ગરીબોને દાનમાં આપું છું, અને મેં જો કોઈને છેતરીને કંઈ લીધું હશે તો હું ચારગણું પાછું આપવા તૈયાર છું. (લૂક ૧૯, ૮).

જાખ્ખીનાં વાણીવર્તન બતાવે છે કે તેઓ પોતાનાં પાપો માટે પશ્ચાતાપ કરે છે અને તેમની ઉદારતાની કોઈ સીમા નથી. તેઓ ભલમનશાઈથી જે આપવાની તૈયારી બતાવે છે તે યહૂદી કાયદાકાનૂન જણાવે છે એના કરતાં ઘણુંબધું વધારે છે.

બાઈબલના કર્મકાંડ ગ્રંથ (૬,૫) અને રણમાં ગ્રંથ (૫,૭) માં પ્રભુના કહ્યા મુજબ મોશે ઇસ્રાયેલી પ્રજાને શીખામણ આપે છે, “કોઈ સ્ત્રી કે પુરુષ પ્રભુની આજ્ઞાનો ભંગ કરીને બીજા કોઈને નુકશાન કરે, તો તે ગુનેગાર બને છે, અને તેણે તેનું પ્રાયશ્ચિત કરવું જ જોઈએ. તેણે પોતે કરેલું પાપ કબૂલ કરવું અને જેનું તેણે નુકશાન કર્યું હોય તેને તે પૂરેપુરું ભરપાઈ કરી આપવું; ઉપરાંત વીસ ટકા જેટલું વધારે આપવું (રણમાં ૫, ૬-૭).

જાખ્ખી મોશેની નીતિસંહિતા મુજબ ૧૨૦ ટકા નુકસાન ભરપાઈ કરવા કરતાં ખૂબ વધારે ઉદારતા બતાવે છે. જાખ્ખી પોતાની સાધનસંપત્તિનો અર્ધો ભાગ ગરીબોને આપવાની તૈયારી બતાવે છે; એટલું જ નહિ, પણ તેમણે જેનું નુકશાન કર્યું છે એને ૪ ગણો એટલે ૪૦૦ ટકા નુકશાન ભરપાઈ કરવાની તૈયારી બતાવે છે. કાયદા એની પાસે માગે એના કરતાં વધારે કરવાની જાખ્ખીના ઉદારતા છે. દેખીતી રીતે જાખ્ખી પોતાના દિલથી પ્રાયશ્ચિત કરે છે.

ઈસુના પ્રેમે જાખ્ખીને જીતી લીધો છે અને ઈસુ તરત જ જાખ્ખીના પ્રાયશ્ચિત્તની ભાવના તથા ઉદાપતાને માન્ય રાખે છે. ઈસુએ તેને ક્યું, આજે આ ઘરનો ઉદ્ધાર થયો; આ માણસ પણ અબ્રાહામનો વંશજ છે. માનવપુત્ર જે કોઈ ખોવાઈ ગયું છે તેને શોધવા અને ઉદ્ધારવા અવતરેલો છે (લૂક ૧૯, ૯-૧૦).

લોકોને ભલે જાખ્ખીને એક જકાતદાર ગણે, પાપી ગણે, સમાજે બહિષ્કૃત કરેલો માણસ ગણે, પણ ઈસુ માટે બીજા બધા યહૂદી માણસોની જેમ જાખ્ખી પણ આદ્યપિતા અબ્રાહામના વંશજ છે, ઈશ્વર પિતાનો દિકરો છે, પોતાનો ભઆ છે.